# સંદેશ

Ahmedabad 3 March, 2017


### ઉમદા દૃષ્ટાંત, હૃદય સ્પર્શી વાર્તા અને ઓડિયન્સ મંત્રમુગ્ધ

# મોહનદાસમાંથી બાપુ સુધીની સફરનું સુંદર નિરૂપણ યુગપુરુષમાં રજૂ થયું



અમદાવાદ : ગાંધીનગર ખાતે ભજવાયેલા નાટ્ય પ્રયોગ યુગપુરુષ મહાત્માના મહાત્મામાં ગાંધીજી અને શ્રીમદ્ રાજચંદ્રના જીવનની અનોખી ઝાંખી જોવા મળી હતી. નાટકમાં એક પાત્રમા મોહનદાસ યંગ ગાંધીજીની ભૂમિકામાં જોવા મળે છે તો અન્ય એક પાત્ર શ્રીમદ્ રાજચંદ્રજીની ભૂમિકા નિભાવતુ દર્શાવાય છે. ગાંધીજીનો જન્મ ૧૮૬૯માં થયો હતો જ્યારે શ્રીમદ રાજચંદ્રજીનો જન્મ ૧૮૬૭માં થયો હતો. ગાંધીજી પહેલીવાર સાઉથ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે ગાંધીજીની મુલાકાત શ્રીમદજી સાથે થઈ હતી. એ મુલાકાત એક મિત્ર તરીકે થઈ હતી. ત્યારે ગાંધીજીને લાગ્યું કે, મારી ઉંમરનો કે મારા સમયની વ્યક્તિ સાથે વાત ચીત કરતા શ્રીમદ્જી એકદમ સરળ લાગ્યા હતા. બંનેમાં આત્મીયતા આવી ગઈ ત્યારે કોઈપણ પ્રશ્નોનો નિકાલ માત્ર શ્રીમદ્જી આપી શકશે. એ દૃષ્ટાંત ખૂબ સુંદર રીતે રજૂ કરાયુ હતું. નાટકમા યુગપુરુષ તો શ્રીમદ રાજચંદ્રજી છે, ગાંધીજી મહાત્મા બન્યા

### લોકચાહના મેળવેલ આ નાટક વિશ્વની બધી કંટ્રીઓમા ટૂંક સમયમા રજુ થશે

એ પાછળ આ યુગપુરુષનો મહત્વનો ફાળો છે. નાટકમાં ગાંધીજી જ્યારે યંગ હતા ત્યારે શ્રીમદ્જી સાથેના તેમના સંબંધો અંહી નાટકમાં દર્શાવવામા આવ્યા હતા. ગાંધીજી તેમનાથી અહિંસા, સત્યના આગ્રહી, બ્રહ્મચાર્ય માટે આગ્રહી બન્યા હતા. તેઓની વચ્ચે ૨૦૦થી પણ વધુ પત્રોની આપ-લે થઈ હતી. ગાંધીજી પ્રશ્ન કરતા અને શ્રીમદજી એનો સમાધાન કરતા. આનો ઉંડો પ્રભાવ ગાંધીજી પર પડયો.ગાંધીજી ત્રણ વ્યકિતઓથી વધુ પ્રભાવિત થયા, ટોલ્સ્ટોય, રસ્કીન, અને શ્રીમદજી રાજચંદ્રજીથી. પરંતુ શ્રીમદજી સાથે પ્રત્યક્ષ વાતચીત થતી એટલે એમનો વધુ પ્રભાવ હતો જ્યારે આ બે રાઈટર્સની બુક્સ વાંચીને જ તેઓથી પ્રભાવિ થયા. નાટકમા સત્યગ્રહની ચળવળ દરમિયાન ગાંધીજીએ ખુબ સરસ વાક્ય કહ્યુ હતુ કે 'હિંસાના લોહીના લાલ રંગથી જે કપડુ રંગાયુ છે એને ધોવા જો લોહીજ વાપરશુ તો કપડુ લાલ જ રહેવાનું છે, એને ધોવા તો અહિંસાનો નિર્મળ જળ જ જોઈએ 'સમગ્ર નાટકમા ગાંધીજીના મિત્ર કઈ રીતે એક ગુરૂમા પરિવર્તન પામ્યા એ સફર રજુ કરાઈ છે, તેમજ સત્યાગ્રહની ચળવળ દરમિયાન ગાંધીજીએ તેમના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદજીના વિચારોમાથી પ્રેરણા મેળવી સત્યાગ્રહની ચળવળ દરમિયાન નિર્ણયો લીધા હતા તે પણ આ નાટકમા દર્શાવાયુ હતું. સમગ્ર નાટકમા મોહન મહાત્મા બન્યા એમા શ્રીમદ રાજચંદ્રજીનો સિંહફાળો હતો તે સફર દર્શાવાયું હતું.

### ગાંધીજીના સત્ય-અહિંસાના સિંદ્ધાંતો તેમના આધ્યાત્મિક ગુરુ દ્વારા પ્રેરિત છે : સી.એમ રૂપાણી

મુખ્યમંત્રી વિજય રૂપાણાએ ગાંધીનગર ખાતે યોજાયેલ યુગપુરુષના ૨૦૦માં નાટ્ય શોનો પ્રારંભ કરાવતા જણાવ્યુ હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગાંધીનગરમા શ્રીમદ રાજચંદ્ર પ્રતિષ્ઠાન ધરમપુર આયોજીત અને ગુરૂદેવ રાકેશભાઇ પ્રેરિત યુગપુરૂષ નાટ્ય શોનો પ્રારંભ કાવ્યો હતો. આ પ્રસંગે તેમણે વધુમા જણાવ્યુ હતું કે, જ્યારે બે યુગપુરૂષો એક જ મંચ પર પુન:જીવિત થાય ત્યારે ભારતીય ઇતિહાસનુ એવુ પાનુ ખુલે છે કે જે દર્શકોને મંત્રમુગ્ધ કરી દે છે. આ બે યુગપુરૂષો છે મહાત્મા ગાંધી અને શ્રીમદ રાજચંદ્રજી. મહાત્મા ગાંધીએ ભારત અને વિશ્વને સત્ય, અહિંસાના સનાતન સિદ્ધાંતો આપ્યા, પરંતુ તેમનામા આ સિદ્ધાંતોનુ સિંચન કરનાર અને તેમના ચારિત્ર્યનુ ઘડતર કરનાર તેમના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંદ્રજી હતા. શ્રીમદ રાજચંદ્રજીનું આ ૧૫૦મી જન્મ જયંતી વર્ષ છે. તે નિમિત્તે થનારી એક વર્ષની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર તથા શ્રીમદ રાજચંદ્ર પ્રતિષ્ઠાન ધરમપુરના ઉપક્રમે આ નાટક પ્રયોગનુ વિધાન સભાના સભ્યો માટે આયોજીત કરવામા આવ્યું હતુ. આ નાટકની લોકચાહનાને કારણે વર્લ્ડ પ્રીમિયરના ફકત એકજ મહિનામા રોયલ ઓપેરા હાઉસમા તેના હિંદી પ્રયોગની દબદબાભેર રજુઆત કરાઇ હતી. આ પ્રસંગે રાજ્યના મંત્રી મંડળના મંત્રીઓ વિધાન સભાના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને ધારાસભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.





